**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૧/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## વહીવટી તંત્ર દ્વારા ઉદ્યોગ–ધંધાના સ્થળે ડોમ તોડી પાડવાની કાર્યવાહીને સ્થગિત કરવા ચેમ્બરની મ્યુનિસિપલ કમિશનર અને સાંસદશ્રીઓને રજુઆત, સોમવારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરશે

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એક અખબારી યાદીમાં જણાવે છે કે, સુરતની આત્માને દ્રવિત કરી નાંખે એવી વરાછા વિસ્તારમાં બનેલી આગની અત્યંત દુખઃદ ઘટનામાં માસુમ બાળકોએ પોતાના જીવનનો અકાળ અંત જોયો. જેમાં તેમનો કોઈજ વાંક ન હતો. મનમાં એક પ્રશ્ન ઉઠે છે કે, હે ઈશ્વર આ ભોળા બાળકોએ શું બગાડયું હતું કે દુનિયા જોતા પહેલા તેમની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ. અત્યંત વ્યાકુલ અને દુખભર્યા વાતારવરણમાં હું હૃદયના કણેકણથી તે અકાળ મૃત્યુ પામેલા ભુલકાઓને ચેમ્બર શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

આ દુઃખદ ઘટના બાદ સુરત મહાનગરપાલિકા તંત્ર દ્વારા જે તે ઇમારતમાં ડોમ ઉભા કરવામાં આવેલા છે તે માત્ર ને માત્ર દુર્ઘટના માટે જવાબદાર બને છે તેવું નિર્ણીત કરી તેને માટે વહીવટી તંત્ર દ્વારા કડક સુચના આપવામાં આવી છે. આ સંજોગોમાં શહેરના વેપાર – ઉદ્યોગકારો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેઓને ખૂબ જ હેરાનગતિ પહોંચાડવામાં આવી રહી છે તેવી ફરિયાદો ચેમ્બરને મળી હતી.

ઉદ્યોગકારોની ફરિયાદને આધારે ચેમ્બરના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને કારોબારી મંડળ દ્વારા આજરોજ સુરતના મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારાસન, સ્થાયી સમિતિ ચેરમેન શ્રી અનિલ ગોપલાણી તથા સાંસદ શ્રી સી.આર. પાટીલ અને સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશને રૂબરૂ મળીને લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ચેમ્બરનું પ્રતિનિધિ મંડળ દ્વારા આગામી સોમવાર, તા. ૩ જૂન ૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીજીને પણ આ અંગે રૂબરૂ મળી રજૂઆત કરવામાં આવશે.

ચેમ્બર દ્વારા ઉદ્યોગ – ધંધાના હિતમાં વહીવટી તંત્રને આજરોજ નીચે મુજબની રજુઆત કરવામાં આવી હતી.

**નીચે વર્ણવેલા સંજોગોમાં તંત્ર દ્વારા હથોડા ઝીંકી કરવામાં આવતી તોડફોડ તાત્કાલિક અટકાવવી જરૂરી છે :**

(૧) કોમર્શિયલ/ફેકટરીના માલિક કે તેના વ્યવસ્થાપક દ્વારા ડોમ દુર કરવાની બાંહેધરી આપવામાં આવે.
(૨) ડોમ માત્ર રૂફ ટેરેસને વરસાદી પાણીનું લીકેજ અટકાવવા માટે કરવામાં આવતુ હોય.
(૩) ડોમનો ઉપયોગ માત્ર રૂફ ટેરેસમાં ગાર્ડન તરીકે કરવામાં આવતો હોય.
(૪) ડોમનો ઉપયોગ માત્ર કર્મચારીઓના ભોજન/એસેમ્બલી મિટીંગ માટે કરવામાં આવતો હોય.
(૫) ડોમ માત્ર રૂફ બનાવેલ હોય અર્થાત ચારેબાજુ વેન્ટીલેશન દ્વારા ખુલ્લી હવા આવી શકતી હોય.
(૬) ડોમ માત્ર જવલંતશીલ ન હોય તેવી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા અર્થે બનાવેલ હોય.
(૭) ડોમ માત્ર સોલાર પેનલ દ્વારા વીજ ઉત્પાદન કરવા માટે ઉપયોગમાં લેવાતો હોય.
(૮) બનાવવામાં આવેલ ડોમમાં માનવજીવ સતત ઉપયોગ કરતો ન હોય
(૯) ડોમનો ઉપયોગ માત્ર ગરમીથી બચવાના હેતુથી ઉભો કરવામાં આવેલ હોય.

અત્રે થયેલ ઘટના અંગે તંત્ર દ્વારા આક્રમક પગલા લેવામાં આવી રહયા છે તેના દ્વારા શહેરમાં બેરોજગારી નિર્માણ થવાની પૂરેપુરી સંભાવના છે, ઉદ્યોગકારોની કમર તુટી જશે અને આ ઉદ્યોગોને ફરી કાર્યવંત કરવા કાબૂ બહારના સંજોગો નિર્માણ થવાની સંભાવના છે. બેરોજગારીથી રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારની કરવેરાની આવકને પણ મોટો ફટકો પડશે. જેનાથી દેશની જીડીપીને પણ અસર થશે. અહી વેપાર જગતમાં ૫ લાખથી વધુ કર્મચારીઓની રોજીરોટી છીનવાશે. વ્યવસ્થા તંત્ર નિયંત્રણ કરવામાં ભાગ લે તે આવશ્યક છે પરંતુ બેરોજગારીથી કાયદો અને વ્યવસ્થા કાબૂ બહાર જશે ત્યારે અસામાજિક તત્વો તેનો ગેરલાભ ઉઠાવશે તથા ચોરી – લૂંટફાટની ઘટનાઓ વધશે.

શહેરનો આર્થિક વિકાસ નહી રૂંધાય તેને માટે અત્રેની ચેમ્બર ખૂબ સજાગ છે અને તેવા ઉમદા હેતુમાં તંત્ર સાથે સહભાગી થવા અને વિચારપૂર્વકના નિર્ણયો લઇ જે તે ઇસમને સમયની યોગ્ય તક આપી તેમજ ફાયર સેફટી અંગે ખૂબ જ ઓછી એજન્સીઓ કાર્યરત છે જે કોઇપણ સંજોગોમાં ફરમાન થતા કડક આદેશને પાલન કરાવવુ કોઇપણ સંજોગોમાં શકય નથી. આથી આવા કોઇપણ આદેશો નહી આપવામાં આવે કે જેના દ્વારા વિનાશ જ શકય છે. ફાયર સેફટીના કોન્ટ્રાકટરો કે ડીલરો પણ આ પરિસ્થિતિમાં ગેરલાભ ન ઉઠાવે તે પણ જોવું એટલું જ જરૂરી છે. સમગ્ર શહેરને મર્યાદીત એજન્સીઓ સમયસર કામ કરી આપવામાં ભૂમિકા ભજવે એ પણ એક પ્રશ્નાર્થ છે.

આ તકે ચેમ્બરની નમ્ર વિનંતિ છે કે સુરત શહેરના તમામ વિસ્તારમાં ફાયર અને સેફટી સંદર્ભમાં શહેર સમિતિ બનાવી તંત્ર તેમાં સાથે રહે અને કાયદાનું પાલન કેમ થઇ શકે તેવા જનજાગૃતિના કાર્યક્રમ આપવાના થાય તો આ બાબતે અત્રેની ચેમ્બર તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે સહયોગી થવા ઇચ્છે છે.